# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૬ તા.૩૦-૦૩-૨૦૨૪

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ :-

વિષય:- ઉનાળુ સમયપત્રક અંતર્ગત તા.૦૧-૦૪-૨૦૨૪ થી શાળાઓના સમય બાબત.

સંદર્ભ :- ડે.મ્યુનિ.કમિશનર (હેલ્થ વિભાગ)નો તા.૧૫-૦૩-૨૦૨૪નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા.૦૧-૦૪-૨૦૨૪ થી તા.૦૫-૦૫-૨૦૨૪ સુધી ઉનાળાની ઋતુ દરમ્યાન શાળાનો સમય નીચે મુજબનો રાખવા જણાવવામાં આવે છે.

| ક્રમ | શાળાઓ | સોમવાર થી શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|
| ૧ | સવારપાળી | ૭-૧૦ થી ૧૨-૦૦ | ૭-૧૦ થી ૧૧-૩૦ |
| ૨ | બપોરપાળી<br>(પુરતી બેઠક વ્યવસ્થા હોય તેવી શાળાઓ માટે જ) | ૭-૧૦ થી ૧૨-૦૦ | ૭-૧૦ થી ૧૧-૩૦ |
| ૩ | બપોરપાળી | ૧૨-૦૦ થી ૫-૦૦ | ૧૧-૩૦ થી ૩-૩૦ |

- વાર્ષિક પરીક્ષા દરમ્યાન પરિપત્ર નં. ૧૨૪ તા.૧૬-૦૩-૨૦૨૪માં દર્શાવેલ કાર્યક્રમ મુજબ શાળાનો સમય રાખવાનો રહેશે.
- ક્રમ નં.૨ વાળી શાળાઓએ શાળાનો સમય નકકી કરતા પહેલા મદદનીશ શાસનાધિકારી પાસે મંજૂરી મેળવવાની રહેશે.
- શાળા સમયમાં થયેલા ફેરફાર અંગેની જાણ જે-તે શાળાએ શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો અને વાલીઓને કરવાની રહેશે.
- શિક્ષકોએ શાળા સમય પહેલા ૧૦ મિનીટ અને શાળા સમય બાદ ૧૦ મિનીટ સુધી શાળામાં ઉપસ્થિત રહી સમગ્ર વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
- બાળકોના મધ્યાહન ભોજન બાબતે જે-તે સંસ્થાના સંચાલકને આ અંગેની જાણ કરવાની રહેશે.

તા.૩૦-૦૩-૨૦૨૪

ડૉ. એલ. ડી. દેસાઈ<br>
શાસનાધિકારી